# કપરાડાના 20 શિક્ષકને 8 માસ પછી નિવૃત્તિના લાભો મળ્યા નથી

**પગાર** બંધ થયો ને પેન્શન મળતું નથી જેથી પરિવારનો નિભાવ કરવાનું કપરું બન્યું: શિક્ષકો

વલસાડ: કપરાડા તાલુકાના 20 શિક્ષકો 8 મહિના અગાઉ નિવૃત્ત થયા હોવા છતાં તેમને નિવૃત્તિ બાદ મળવા પાત્ર કોઈ પણ નાણાકીય લાભો ન મળતા આર્થિક પરિસ્થિતિ કથળી હોવાનું જણાવ્યું હતું. શિક્ષકોએ જણાવ્યું કે, એન.પી.એફ.માંથી જી.પી.એફ.માં સમાવેશ બાદ જરૂરી તમામ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી શિક્ષણ કચેરીમાં આપી હોવા છતાં માત્ર ફાઇલ આગળ મોકલી છે તેવો જવાબ મળે છે. નિવૃત્તિ બાદ નિયમિત આવકનો કોઈ સ્રોત ન હોવા બાદ પગાર પણ બંધ થતા ગંભીર નાણાકીય પરિસ્થિતિ ઊભી થઈ છે. આકસ્મિક બીમારી, પરિવાર નિભાવ, રોજિંદા ખર્ચ, દવાઓ, પારિવારિક જવાબદારીઓ નિભાવવામાં પણ મુશ્કેલી ઊભી થઈ રહી છે.

શિક્ષકોને પેન્શન, ગ્રેજ્યુટી, જૂથ વીમાની રકમ, રજા રોકડ, ટ્રાવેલ એલાઉન્સ લાભ મળ્યા નથી.

### હું કાર્યવાહી કરાવું છું: ક્ષિણઆધિકારી

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડી.બી.વસાવાએ જણાવ્યું કે, નિવૃત્ત શિક્ષકોને નિવૃત્તિ બાદ નિયમ અનુસાર લાભો મળી જવા જોઇએ, ટેકનિકલ કરકન્શનમાં વિલંબ હોઈ શકે છે. બાકીના લાભો તાલુકા કક્ષાએથી મળતા હોય હું આ મુદ્દે તાલુકા કક્ષાએ તપાસ કરી નિવૃત્ત શિક્ષકોને વહેલીમાં વહેલી તકે તેમના હક નાણા મળી જાય તેવી કાર્યવાહી કરાવું છું.

# વાપી મનપામાં 10 કમિટીની રચના

**આરોગ્ય** સમિતિના ચેરમેન સંદીપ પટેલ, પાણી પુરવઠા સમિત ચેરમેન કૌશિક પટેલ, ટી.પી. ચેરમેન તરીકે મિત્તલબેન શાહની નિમણૂંક



### 10 સમિતિના ચેરમેનની વરણી

આરોગ્ય સમિતિ -સંદીપ અમૃતભાઈ પટેલ
જાહેર બાંધકામ સમિતિ - જયેશભાઈ કંસારા
પાણી પુરવઠા સમિતિ - કૌશિકભાઈ પટેલ
નગર નિયોજન સમિતિ -મિત્તલબેન કુંજલ શાહ
સમાજ કલ્યાણ, આનંદ-પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ - ટીનાબેન હળપતિ
ગટર સમિતિ - ભવલેશભાઈ કોટડિયા
કાયદા સમિતિ -નેહલબેન મનીષભાઈ નાયક
હોસ્પિટલ રોગી કલ્યાણ સમિતિ - મનીષાબેન દાયમા
ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ - દેવલબેન દેસાઈ
લાઈટ અને ફાયર સમિતિ -રણજીતભાઈ પટેલ
જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિ -દર્પણ વિનોદરાય દેસાઈ

વાપી: વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમમાં યોજાઈ હતી. સભાની શરૂઆતમાં મેયરે ઉપસ્થિત ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, કોર્પોરેટરો તથા અધિકારીઓનું સ્વાગત કરી શહેરના સર્વાંગી વિકાસ માટે સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. સ્થાયી સમિતિની બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ વાપી મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ દ્વારા વિવિધ સમિતિઓના ચેરમેન તથા સભ્યોની નિમણૂંકની જાહેરાત કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિકાસલક્ષી કાર્યોને વધુ સુવ્યવસ્થિત, અસરકારક અને ઝડપી બનાવવા માટે આ સમિતિઓની રચના કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

વિવિધ સમિતિઓની રચના અંગેની દરખાસ્ત મેયર દક્ષાબેન પટેલ દ્વારા રજૂ કરવામાં આવી હતી, જેને ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈએ ટેકો જાહેર કર્યો હતો. ત્યારબાદ સભાએ સર્વાનુમતે તમામ સમિતિઓની રચના તથા ચેરમેનોની નિમણૂંકોને મંજૂરી આપી હતી.

વાપી મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સીટી બસ સેવાના નવા ટાઈમ ટેબલને પણ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયથી શહેરના નાગરિકોને વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. બસ સેવાના નવા ટાઈમ ટેબલ દરેક વિસ્તાર વાઈસ બનાવેલ છે અને તે સ્થળે પણ મૂકવામાં આવશે.

સભાનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, સ્થાયી સમિતિના ચેરમેન સતીશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈ, મહાનગરપાલિકાના તમામ વિભાગોના વિભાગીય અધિકારીઓ તેમજ કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતાં. સભાના અંતે મેયર દક્ષાબેન પટેલે તમામ સભ્યો તથા અધિકારીઓ, અને મીડિયાનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે વાપી શહેરના સર્વાંગી વિકાસ, ગુણવત્તાસભર નાગરિક સુવિધાઓ અને પારદર્શક વહીવટ માટે મહાનગરપાલિકા સતત પ્રતિબદ્ધ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખડકી હાઈવે પર દોડતી કાર સળગી ઊઠી, ચાલકનો બચાવ

પારડી: પારડી નજીક ખડકી હાઈવે પર પસાર થઈ રહેલી એક કાર (નં. GJ 15 CM 8060)માં અચાનક શોર્ટ સર્કિટ થતાં બોનેટના ભાગેથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. કારચાલકને તાત્કાલિક જોખમનો અહેસાસ થતાં તેમણે સમયસૂચકતા વાપરી કારને રોકી દીધી હતી અને તુરંત જ બહાર નીકળી ગયા હતાં. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટના અંગે સ્થાનિકો અને રાહદારીઓ તાત્કાલિક પારડી ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા પારડી ફાયર ફાઈટરની ટીમ તાબડતોબ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી કારમાં લાગેલી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કારચાલક સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ થતા ટળી હતી. જેને પગલે તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આગને પગલે હાઇવે પર થોડો સમય માટે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી.

### 21 વર્ષથી વોન્ટેડ મહારાષ્ટ્રથી ઝડપાયો



વાપી: વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુનો વર્ષ 2005માં નોંધાયેલો હતો અને તે ગુનામાં વોન્ટેડ સુરેન્દ્ર રામનીવાસ શર્મા (ઉં.49, રહે. ભીવંડી, મહારાષ્ટ્ર) મહારાષ્ટ્ર હોય જેને વલસાડ એલસીબી ટીમે ભીવંડી મહારાષ્ટ્રથી પકડી પાડ્યો હતો અને વાપી ટાઉન પોલીસ સ્ટેશને સોંપ્યો હતો. પોલીસ તપાસમાં આ ગુનામાં સહઆરોપી હરિપ્રસાદ રામનિવાસ શર્મા (રહે. હરિયાણા)નું વર્ષ 2019 માં મૃત્યુ થયું હતું.

### ખેરગામ ધરમપુર રાજ્ય ધોરી માર્ગ ઉપર બે ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત



ખેરગામ: ખેરગામ ધરમપુર રાજ્ય ધોરી માર્ગ ઉપર બે ટ્રક વચ્ચે થયેલા અકસ્માતના પગલે લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. અકસ્માતમાં બંને ટ્રકના ચાલકોને ઈજાઓ પહોંચતાં 108 એમ્બ્યુલન્સની મદદથી તેમને પ્રાથમિક સારવાર માટે ખેરગામ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે એક ચાલકની સ્થિતિ વધુ ગંભીર જણાતાં તેને વધુ સારવાર માટે વલસાડ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં ખેરગામ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતને પગલે ખેરગામ-ધરમપુર રાજ્ય ધોરી માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને થોડા સમય માટે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. તેની અસરરૂપે ખેરગામ હાઈસ્કૂલ તરફ જતાં માર્ગ પર પણ ટ્રકો અને અન્ય વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી વાહનોને ધીમે ધીમે પસાર કરાવવામાં આવ્યા બાદ ટ્રાફિક ફરી પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. મંગળવારે સાંજ સુધી આ અકસ્માત અંગે ખેરગામ પોલીસ મથકે કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી.

### બે વર્ષ પૂર્વે દમણથી ગુમ થયેલો કિશોરનો પોલીસે રાજકોટથી શોધી કાઢ્યો



દમણ: સંઘપ્રદેશ દમણની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ટીમે લગભગ 2 વર્ષથી લાપતા રહેલા 14 વર્ષીય કિશોરને સુરક્ષિત રીતે શોધી તેના પરિવાર સાથે મેળાપ કરાવ્યો છે. 23 એપ્રિલ, 2024ના રોજ નાની દમણ પોલીસ સ્ટેશનમાં 14 વર્ષીય કિશોર ઘરેથી લાપતા થયાની ફરિયાદ નોંધાઈ હતી. પરિવારજનો અને પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ શોધખોળ તથા ટેકનિકલ તપાસ કરવા છતાં કોઈ ચોક્કસ માહિતી મળી ન હતી. ત્યારબાદ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી આ તપાસ AHTU દમણને સોંપવામાં આવી હતી. વિભાગની ટીમે ટેક્નિકલ પુરાવા, ગુપ્ત માહિતી અને વિવિધ રાજ્યોની પોલીસના સહયોગથી તપાસ આગળ વધારી કિશોરને ગુજરાતના રાજકોટમાં એક ખાનગી કંપનીમાં કામ કરતા શોધી કાઢ્યો હતો. જરૂરી કાયદાકીય અને તબીબી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જિલ્લા બાળ સંરક્ષણ એકમેની હાજરીમાં કિશોરને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો.

### પારડીના પંચલાઇ ગામે બાઈક વીજપોલ સાથે અથડાતા ચાલકનું મોત



પારડી: પારડી પંચલાઇ ગામ પાસે બાઈકચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક રોડ સાઇડે વીજળીના થાંભલા સાથે અથડાતા ચાલક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પારડી તાલુકાના નાનાવાઘછીપા ગામના વણઝાર ફળિયામાં રહેતા શીતલભાઈ દલપતભાઈ પટેલ (ઉં.વ.૩૪) બાઈક (નં. GJ 15 AL 2845) લઈને રાબડીથી પંચલાઇ તરફ જઈ રહ્યા હતાં. પંચલાઇથી રાબડી જતાં રોડ ઉપર, દીપલી ફળિયું કોતરખાડી પાસે બાઈક સીધી રોડની બાજુમાં આવેલા વીજળીના થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં શીતલભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. તપાસ બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

### ખેરગામ તાલુકામાં 11 મિલીમીટર વરસાદ: ગરમીથી મળી રાહત

ખેરગામ: ખેરગામ તાલુકામાં મંગળવારે સવારે અચાનક વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ વરસાદ વરસ્યો હતો. તાલુકામાં કુલ 11 મિલીમીટર વરસાદ નોંધાયો, જેના કારણે લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી. ટૂંકા સમયના વરસાદથી કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

### વાપીમાં ખાનગી બસની ટક્કરે મોપેડચાલક યુવકનું મોત

વાપી: વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ બલીઠા, આસ્થા એપાર્ટમેન્ટમાં રાજેશ નરસિંહ ગુપ્તા (ઉં.53) રહે છે. ગત તા.29મીએ તેનો પુત્ર અવધેશ (ઉં.27) રાત્રે સાડા અગિયારેક વાગ્યાની આસપાસ મોપેડ લઈને મિત્રને મળવા માટે ગયો હતો. બીજા દિવસે રાત્રે સવા વાગ્યાની આસપાસ વાઈબ્રન્ટ હોસ્પિટલની સામે, મુંબઈથી સુરત જતા ને.હા.નં.48ના સર્વિસ માર્ગ પર ખાનગી કંપનીની બસની ટક્કર મોપેડને લાગી હતી અને પુત્રને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જનાર બસચાલક શિવકુમાર લેખઈરામ યાદવ (ઉં.48, રહે. છરવાડા, વાપી, મૂળ યુપી) સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં રાજેશ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી હતી.

# ભીલાડ નજીકથી કારમાં યુવતીનું અપહરણ કરનારા ચાર ઝડપાયા

**યુવતી** નોકરી ઉપર જતી હતી ત્યારે રસ્તામાં રોકી કારમાં બેસાડી લઈ ગયા હતા




ઉમરગામ: ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં આવતા અંકલાસ ગામથી એક યુવતીને રસ્તામાં રોકી આરોપી દેવરામ સાવર તથા ત્રણ અન્ય અજાણ્યા ઈસમો લગ્ન કરવા માટે કારમાં અપહરણ કરી ગયા હતા. ભોગ બનનાર યુવતી તથા ચાર આરોપીઓને મહારાષ્ટ્રના મીરા ભાયેદંર ખાતેથી વલસાડ પોલીસે પકડી પાડ્યા હતા.

30 જુને સવારે ઉમરગામ તાલુકાના અંકલાસ સિંગરપાડા રોડ ઉપરથી એક યુવતી તેની કંપનીએ નોકરીએ જઈ રહી હતી. તે વખતે આરોપી દેવરામ સાવર તથા તેની સાથે અન્ય ત્રણ અજાણ્યા ઈસમો એક અર્ટીંગા કાર નંબરમાં આવી યુવતીને અટકાવી તથા તેણીની બેનને ફડાકો મારી ધક્કો મારી નીચે પાડી દઈ ભોગ બનનાર યુવતીને લગ્ન કરવા અને સાથે રાખવાનું જણાવી બળજબરીથી કારમાં બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા.

આરોપીઓ દેવરામ કાશીરામ સાવર (ઉ.વ 36 રહેઃ ધૂંધલ વાડી ખડકીપાડા તલાસરી મહારાષ્ટ્ર), મનોજ બચુભાઈ સાદડે (ઉ. વ. 38, રહેઃ ઘુઘલવાડી બાજાર પાડા તાલુકા તલાસરી), પ્રીતમ એકનાથ મોરે (ઉ. વ. 38, રહે ઘુઘલવાડી બાજારપાડા) અને મહેશ રમેશ ધુલસાડા (ઉ.વ. 28, રહે આંબેસરી ફાધર પાડા તલાસરી)ને મીરા ભાયેદંર મહારાષ્ટ્ર ખાતેથી પકડી પાડ્યા હતા.

# વલસાડ જિલ્લામાં પ્રિ NOCની સમય મર્યાદા વધારવા રેરાની માગ

**વલસાડ** ડિસ્ટ્રિક રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસો.ની ચીફ સેક્રેટરી સમક્ષ રજૂઆત

વલસાડ: વલસાડ ડિસ્ટ્રિક રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ મંગે દ્વારા વલસાડ જિલ્લા અને વાપીમાં ફાયર પ્રિ.એન.ઓ.સી.ની અવધિ વધારવા અને વાપી મહાનગરપાલિકામાં કાયમી ફાયર ઓફિસરની નિમણૂંક કરવા રાજ્યના ચીફ સેક્રેટરી પત્ર લખ્યો છે.

પત્રમાં જણાવ્યા મુજબ, વલસાડ જિલ્લા અને વિશેષ કરી વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં નવા પ્રોજેક્ટ્સ માટે ફાયર વિભાગ દ્વારા પ્રિ.એન.ઓ.સી. ફક્ત એક જ વર્ષ માટે આપવામાં આવે છે. જયારે બીજી તરફ રેરા ઓથોરિટી દ્વારા પ્રોજેક્ટ પૂર્ણ કરવાની વાસ્તવિક અવધિ માંગવામાં આવે છે અને તે મુજબ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવે છે.

મોટા પ્રોજેક્ટને પૂર્ણ થતાં ઓછામાં ઓછા બેથી ત્રણ વર્ષ લાગે છે. ફાયર વિભાગ દ્વારા પ્રતિ વર્ષ પ્રિ. એન.ઓ.સી. કરાવવાની જોગવાઈને લઈ ડેવલોપર્સને પ્રતિ વર્ષ બિનજરૂરી વહીવટી પ્રક્રિયા, સમયનો વ્યય કરવો પડે છે. જો રેરા પ્લેટફોર્મ પર પ્રોજેક્ટની સમય મર્યાદા સ્વીકારવામાં આવતી હોય તો ફાયર પ્રિ એન.ઓ.સી. પણ એક વર્ષ રેરાની પ્રોજેક્ટ પૂર્ણ કરવાની અવધિ અથવા પ્લાન પાસિંગની સમય મર્યાદા સુધી માન્ય રાખવી જેથી બાંધકામ ઉદ્યોગના વિકાસ અને વહીવટી સરળીકરણ હિતમાં ફાયર પ્રિ એન.ઓ.સી. ની અવધિ 1 વર્ષથી લંબાવી પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવામા આવે તથા વાપી મહાનગરપાલિકામાં ફાયર ઓફિસરની નિમણૂંક પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવવી જોઇએ.

# વડખંભામાંથી ઈન્ડિયન સ્પેક્ટિકલ કોબ્રા નાગ મળ્યો

**વન** વિભાગ અને વાઇલ્ડલાઇફ રેસ્ક્યુઅરને જાણ કરવા અપીલ



વલસાડઃ નાનાપોંઢા વડખંભા ગામ સડક ફળિયામાં આશિષભાઈ ભગુભાઈ કુરકુરિયાના ઘર આંગણે ઈન્ડિયન સ્પેક્ટિકલ કોબ્રા નાના બાળકને નજરે આવતા ઘરના વ્યક્તિઓ તરત જ વાઈલ્ડલાઈફ રેસ્કયુ ટ્રસ્ટ નવસારી, નાનાપોંઢા આમધા ગામના વાઈલ્ડલાઈફ રેસ્કયુંઅર મુકેશભાઈ વાયાડ પર ફોન કરી જાણ કરતા મુકેશભાઈ વાયાડ અને દિનેશભાઈ વાયાડે નાનાપોંઢા વનવિભાગના RFO જે. એસ. ભેડા અને સ્ટાફને જાણ કરી ઘટના સ્થળ પર પહોંચી ઝેરી નાગનું રેસ્કયું કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. નાનાપોંઢા વનવિભાગ દ્વારા ફોરેસ્ટના જંગલમા ઝેરી નાગને મુક્ત કર્યો હતો.

કોઈકના ઘરમાં ઝેરી નાગ, કામળિયો, અજગર કે અન્ય વન્યજીવ આવી જાય તો પ્રથમ વનવિભાગને જાણ કરવી તેમજ NGO WRTNના વાઈલ્ડલાઈફ રેસ્કયુઅર મુકેશભાઈ વાયાડના મોબાઈલ નંબર 7990977336/8469361533 પર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી હતી.

# વલસાડના પ્રશ્નોના નિરાકરણ માટે વકીલની ભૂખ હડતાળની ચીમકી

**જર્જરિત** શોપિંગ સેન્ટરથી લઈ વરસાદી પાણીના નિકાલ સુધીના અનેક પ્રશ્નો સંદર્ભે રજૂઆત કરાઈ

વલસાડઃ વલસાડ શહેરમાં લાંબા સમયથી પ્રજાને અસર કરતા વિવિધ નાગરિક પ્રશ્નોના નિરાકરણ માટે સ્થાનિક વકીલ અકીબ મકબુલ મલેકે વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે, અનેક વખત ફરિયાદો કરવા છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતાં આગામી દિવસોમાં આમરણ અનશન પર બેસવાની ફરજ પડશે.

વકીલે રજૂઆતમાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા શોપિંગ સેન્ટરોના રીપેરિંગના મુદ્દાને પ્રાથમિકતા આપી છે. તેમના જણાવ્યા મુજબ, અનેક શોપિંગ સેન્ટરો જર્જરિત હાલતમાં હોવા છતાં સમયસર સમારકામ થતું નથી, જેના કારણે વેપારીઓ અને ગ્રાહકોને જોખમનો સામનો કરવો પડે છે. રજુઆતમાં ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

વકીલનો આક્ષેપ છે કે, મોટા દબાણકારો સામે કાર્યવાહી કરવામાં ઢીલાશ રાખવામાં આવે છે જ્યારે નાના વેપારીઓ અને ગરીબ વર્ગ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે. તમામ નાગરિકો માટે સમાન ધોરણે કાયદાનો અમલ થવો જોઈએ તેવી માંગ પણ કરવામાં આવી છે.

શહેરમાં મોટી સંખ્યામાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે રાત્રિના સમયે મહિલાઓ અને બાળકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપરાંત અનેક વિસ્તારોમાં ડ્રેનેજ લાઇનો ચોકઅપ થવાને કારણે વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. વકીલે શહેરની શાળાઓની આસપાસ ટ્રાફિક સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો છે.

આ ઉપરાંત વેરા વસૂલાત, ગેરકાયદેસર દબાણો, ગરીબ લારીઓ-ગલ્લાવાળાઓના પુનર્વસન અને જર્જરિત ઈમારતો સામે અસરકારક કાર્યવાહી જેવા મુદ્દાઓ પણ રજૂઆતમાં સમાવાયા છે. જો 13 જુલાઈ, 2026 સુધીમાં માંગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે તો તેઓ વલસાડ નગરપાલિકા કચેરી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે આમરણ અનશન શરૂ કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

### દારૂમાં જપ્ત થયેલું વાહન છોડાવવા સુરતના યુવાને રૂ. 10 લાખ માગ્યા

ઘેજઃ ફરિયાદી ભાવિન રસિકભાઈ લીંબાચિયા (રહે.ટાંકલ તા.ચીખલી જિ.નવસારી)ના મિત્ર અંકુર ભૂપતસિંહ ઠાકોરનું ૧૫-૨૦ દિવસ પૂર્વે સુરત ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનના ગુનામાં વાહન સુરતના મોન્ટુ કેબલ સાથે મુલાકાત કરાવી હતી. તેણે પોતે સ્કાય સેવન ન્યૂઝ ચેનલના માલિક તરીકે ઓળખાણ આપેલ આ દરમિયાન મોન્ટુ કેબલે પાંત્રીસ લાખ રૂપિયા થશે તેમ કહ્યું હતું. છેલ્લે ૧૦-લાખ રૂપિયાની તૈયારી બતાવી સમય માંગ્યો હતો. ઉપરોક્ત મુજબની ફરિયાદમાં પોલીસે મનોહરસિંહ ઉર્ફે મોન્ટુ વિરભદ્રસિંહ ચૌહાણ (ઉ.વ-૪૫) (રહે.૧૪૩,૧૪૪ રામનગર-૧ સોસાયટી આશીર્વાદ ટાઉન શીપ-૧ ની બાજુમાં ઉધના બમરોલી રોડ સુરત) સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ પીઆઈ-પી.બી.પટેલિયા એ હાથ ધરી હતી.

# અખિલ ભારતીય આદિવાસી સાહિત્ય મહોત્સવમાં દ.ગુજરાતનો દબદબો

**રાષ્ટ્રીય** મંચ ઉપર ઢોડિયા આદિવાસી તૂર વાદન રજૂ કરાયું



વલસાડઃ મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે યોજાયેલા અખિલ ભારતીય આદિવાસી સાહિત્ય મહોત્સવમાં નાનાપોંઢા તાલુકાના ધોધડકૂવા ગામના સાહિત્યકાર સહિત દક્ષિણ ગુજરાતના સાહિત્યકારોને રાષ્ટ્રીય મંચ ઉપર આગવી ઓળખ મળી હતી. મહોત્સવની વિશેષતા એ હતી કે તેમાં ઢોડિયા આદિવાસી તૂર વાદન ઉપરાંત સાહિત્યકાર અરવિંદ પટેલ લિખિત ઢોડિયા ભાષામાં ઉખાણા સંગ્રહ આખા તે એરહનું વિમોચન પણ કરાયું હતું. રાષ્ટ્રીય મંચ ઉપર ઢોડિયા ભાષામાં પુસ્તકનું વિમોચન જ નહીં પરંતુ આદિવાસીઓનું તૂર, થાળી વગાડી ઢોડિયા આદિવાસીઓના વાદ્યોની ઝાંખી કરાવી હતી.

મહોત્સવમાં દક્ષિણ ગુજરાત અને દાદરા નગર હવેલીમાંથી 15 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત પ્રમુખ ડૉ.પ્રદીપ ગરાસિયા, અખિલ ભારતીય ઢોડિયા સમાજના પ્રમુખ અશ્વિન પટેલ સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહી રાષ્ટ્રીયમંચ ઉપર દક્ષિણ ગુજરાતનું નામ ઉજાગર કર્યું હતું.

### વલસાડ ન.પા.એ પાણીની પરબમાં ચાલતી લારી હટાવી

વલસાડઃ વલસાડ નગરપાલિકાએ મંગળવારે શહીદ ચોક વિસ્તારમાં લારી ગલ્લા દબાણ હટાવ અભિયાન શરૂ કર્યું હતું. જે અંતર્ગત તેમણે પાણીની પરબ પર કબજો જમાવી બેઠેલા લારી ચાલકની લારી કબજે લીધી હતી. વલસાડના શહીદ ચોક વિસ્તારમાં આવેલી પાણીની પરબ પર ચાઈનીઝની લારીવાળાએ કબજો જમાવી ત્યાં દબાણ ઉભું કર્યું હતું. પાણીની પરબમાં કઈ રીતે કોઈ પોતાની દુકાન ચલાવી શકે એની વ્યાપક ચર્ચા ચાલી હતી. એવી ફરિયાદ પાલિકાને મળતાં પાલિકાની ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી અને ચાઈનીઝની લારીને દૂર કરી તેને કબજે કરી હતી.

# પારડીમાં સાળાની પત્નીએ 5 લાખથી વધુનાં ઘરેણાં ચોર્યાં

**સુરતના** અડાજણમાં રહેતી પરિણીતાએ ચોરીનાં ઘરેણાં ઝવેરીને વેચી દીધાનું કબૂલ્યું

પારડી : પારડી તાલુકાના રેંટલાવ ગામે આવેલા મોગરા ફળિયાના ઉત્તમ એન્ક્લેવ બિલ્ડીંગના ફ્લેટ નંબર એ/૪૦૪માં રહેતા નિકિત અનિલભાઈ દેસાઈના સાળાની પત્ની રૂચિબેન હિતેશભાઈ પટેલ (રહે. સમર્પણ સોસાયટી, અડાજણ, સુરત) સામે ચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રૂચિબેન દેસાઈ પરિવારના ઘરે રોકાવવા માટે આવ્યા હતાં. ૨૩ જૂનની સવારે પરિવારના સભ્યો કામ અર્થે બહાર ગયા હતા ત્યારે તકનો લાભ ઉઠાવીને રૂચિબેને કબાટની ચાવી શોધી કાઢી હતી. તેમણે કબાટ ખોલીને અંદર રાખેલા સોનાના કિંમતી દાગીના અને રોકડા રૂપિયાની ચોરી કરી લીધી હતી.

અંદાજે ૨૦ તોલા જેટલું સોનું આ સિવાય રૂપિયા ૧,૫૦,૦૦૦ ની રોકડ રકમની પણ ચોરી થઈ હોવાનો ઉલ્લેખ છે. પૂછપરછ દરમિયાન મહિલાએ ચોરીની કબૂલાત કરી હતી અને સુરતના ઝવેરીને દાગીના વેચી દીધા હોવાનું જણાવ્યું હતું.